નેશનલ બામ્બુ મિશન અન્વયે જિલ્લા બામ્બુ
ડેવલપમેન્ટ એજન્સીની રચના કરવા બાબત.

રાજય બામ્બુ ડેવલપમેન્ટ એજન્સી,
ગુજરાત રાજય,
પરિપત્ર ક્રમાંક:પ્રોટેકશન/ટે.૧૮/બ/ 2504-48 /૨૦૧૮-૧૯
અરણ્ય ભવન, સેકટર-૧૦-એ,
ગાંધીનગર, તા. 23 /૦૧/૨૦૧૯

**વંચાણમાં લીધા:-** (૧) ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના તા.૦૭/૦૫/૨૦૧૮ના અ.સ.પત્ર ક્રમાંક:-૧૫/૦૧/૨૦૧૭-સીસી.
(૨) ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનબીએમ/૧૨૧૮/એસએફ-૧૪/મ, તા.૧૨/૧૨/૨૦૧૮.
(૩) રાજય બામ્બુ ડેવલપમેન્ટ એજન્સી, ગુ.રા.,ગાંધીનગરની તા.૦૩/૦૧/૨૦૧૯ની બેઠકની કાર્યવાહી નોંધ.

## પરિપત્ર

નેશનલ બામ્બુ મિશન સને.૨૦૧૮-૧૯ થી અમલમાં મુકવામાં આવેલ છે. તે અન્વયે અનુક્રમનં.૩ના સંદર્ભ પત્ર મુજબ તા.૦૩/૦૧/૨૦૧૯ ના રોજ રાજય બામ્બુ ડેવલપમેન્ટ એજન્સીની મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં રાજયના ૩૩ જીલ્લાઓમાં જીલ્લાકક્ષાની બામ્બુ ડેવલપમેન્ટ એજન્સીની રચના કરવા અંગે વિસ્તૃત ચર્ચાને અંતે લેવાયેલ નિર્ણય અનુસાર નીચેની વિગતે જીલ્લા બામ્બુ ડેવલપમેન્ટ એજન્સીની રચના કરવાની થાય છે:

| ક્રમ | હોદો | સમિતિમાં પદ |
|---|---|---|
| ૧ | નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ | અધ્યક્ષ |
| ૨ | નાયબ વન સંરક્ષકશ્રી, ક્ષેત્રીય વન વિભાગ | સભ્ય |
| ૩ | નિયામકશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી | સભ્ય |
| ૪ | જનરલ મેનેજરશ્રી, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર | સભ્ય |
| ૫ | જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય |
| ૬ | જીલ્લા બાગાયત અધિકારીશ્રી | સભ્ય |
| ૭ | પ્રયોજના વહીવટદારશ્રી, ટ્રાયબલ એરીયા સબ પ્લાન | સભ્ય |
| ૮ | જીલ્લાની નામાંકિત બિનસરકારી સંસ્થા * | સભ્ય |
| ૯ | જીલ્લાના અગત્યના ત્રણ સ્વસહાય જુથ * | સભ્ય |
| ૧૦ | ગુજરાત રાજય હસ્તકલા નિગમના જીલ્લા કક્ષાના પ્રતિનિધિ | સભ્ય |
| ૧૧ | ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપનીના જીલ્લા કક્ષાના પ્રતિનિધિ | સભ્ય |
| ૧૨ | મદદનીશ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ | સભ્યસચિવ |

* મહત્તમ બે વર્ષના સમયગાળા માટે

જીલ્લા બામ્બુ ડેવલપમેન્ટ એજન્સીના કાર્યો નીચે મુજબ રહેશે:

(૧) જીલ્લા વાંસ ઉત્પાદનની સ્થિતિ, ઉત્પાદન ક્ષમતા અને માંગ અંગે બેઇઝ લાઇન સર્વે અને ફીઝીબીલીટી સ્ટડીઝનું આયોજન કરવું અને તેને અનુસરીને પધ્ધતિસરની સહાયક વ્યવસ્થા આપવી. જુથ આધારીત(ઉદ્યોગ) આધારીત અભિગમથી ખેડૂતો/કૃષિ ઉત્પાદન સંગઠન જુથો(એફપીઓ) કૃષિ ઉત્પાદન સહકારી સંઘો/સ્વસહાય જુથોને બજાર સાથે જોડવા.

(૨) જરૂરીયાત મુજબ ઔદ્યોગિક અને અંતરીયાળ અને પછાત વિસ્તાર પ્રમાણે "બામ્બુ ઇકોનોમિક ઝોન" ઉભા કરવા કામગીરી કરવી.

(૩) મિશનના લક્ષ્યો અને હેતુઓના પરિપ્રેક્ષમાં પરસ્પેકટીવ અને જીલ્લા એન્યુઅલ એકશન પ્લાન તૈયાર કરવો.

(૪) મિશનની પ્રવૃત્તિઓ કરવી, તે સંબંધિત યોગ્ય હિસાબો જાળવવા રાજ્ય સરકાર અને અન્ય સ્તોત્રો પાસેથી ફંડ મેળવવું અને તેના અનુસંધાને સંબંધિ એકમો/એજન્સીઓને યુટીલાઇઝેશન સર્ટીફીકેટ રજુ કરવા.

(૫) એનબીએમ(ડીએસી અને એફ ડબલ્યુ), કૃષિ મંત્રાલયને આગળ ઉપર કરવા માટે સ્ટેટ બામ્બુ ડેવલપમેન્ટ એજન્સીને પીરીયોડીક પ્રોગ્રેસ રીપોર્ટ રજુ કરવા.

(૬) અમલીકરણ સંગઠનોને ફંડ ફાળવું, કાર્યક્રમના અમલીકરણનું નિરીક્ષણ, દેખરેખ અને સમીક્ષા કરવી.

(૭) ખેડૂત, મંડળો, એનજીઓ, ઉત્પાદકો, સાહસિકો, મંડળો, સ્વસહાય જુથો, રાજ્ય સંસ્થા અને અન્ય સમાંતર એકમો મારફતે રાજ્યમાં મિશન કાર્યક્રમોના અમલીકરણને નિરીક્ષણ, દેખરેખ અને સહાયક કામગીરી કરવી.

(૮) જીલ્લા કક્ષાએ રસ ધરાવતા તમા જુથો/સંગઠનો માટે કાર્યશાળાઓ, શિબીરો અને કૌશલ્ય વિકાસ/તાલીમ કાર્યક્રમો, પ્રદર્શનો / વેપાર મેળાઓ વગેરેમાં કારીગરોની સહભાગીતા વગેરેનું આયોજન કરવું.

(૯) નેશનલ બામ્બુ મિશન અથવા એસ.એલ.ઇ.સી.(સ્ટેટ લેવલ એકઝીકયુટીવ કમિટી) ધ્વારા વખતોવખત ઠરાવેલ કાર્યો.

(૧૦) જીલ્લા બામ્બુ ડેવલપમેન્ટ એજન્સીની બેઠક દર ત્રણ માસે એક વખત મળશે.

બેઠકમાં નિર્ણય લેવાયા અનુસાર ૩૧ જાન્યુઆરી, ૨૦૧૯ સુધીમાં એજન્સીની રચના કરી તેની પ્રથમ બેઠક પૂર્ણ કરી અત્રે તેની વિગતો સાદર કરવા જણાવવામા આવે છે.

(એન.એસ.જૈન)
અધ્યક્ષ,
રાજ્ય બામ્બુ ડેવલપમેન્ટ એજન્સી,
તથા
મુખ્ય વન સંરક્ષક, પ્રોટેકશન
ગુજરાત રાજ્ય,

પ્રતિ,

નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, તમામ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

**નકલ સાદર રવાના:-** અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ તરફ જાણ સારૂં.

(૨) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વિકાસ અને વ્યવસ્થા તથા આઇ.ટી.તરફ જાણ સારૂં.

**નકલ સાદર રવાના:-** અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ તરફ જાણ સારૂં.

**નકલ સવિનય રવાના:-**મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ તરફ જાણ સારૂં.

**નકલ રવાના:-**વન સંરક્ષકશ્રી, તમામ તરફ જાણ સારૂં.

(૨) નાયબ વન સંરક્ષકશ્રી, ક્ષેત્રિય, તમામ તરફ જાણ સારૂં.